
R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction



અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

YEAR-22 • ISSUE: 07 DATE: 16-02-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## મધર ટેરેસા સૌથી વધુ ભરોસામંદ વ્યક્તિ : એક સર્વેક્ષણ



બ્રાન્ડ ટ્રસ્ટ રીપોર્ટ ૨૦૧૩ દ્વારા કરાયેલા એક સર્વેક્ષણમાં એવું ફલિત થયું હતું કે મધર ટેરેસા સૌથી વધુ વિશ્વાસપાત્ર અને ભરોસામંદ વ્યક્તિ હતા.જો કે ટ્રસ્ટના સંશોધનમાં મધર ટેરેસાએ નવમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને મહાત્મા ગાંધીને ૧૨મું સ્થાન મળ્યું હતું.મધર ટેરેસાને મહાત્મા ગાંધી કરતાં વધુ વિશ્વાસપાત્ર વ્યક્તિ ગણવામાં આવ્યા હતા.

સંશોધનમાં સૌથી પ્રથમ વિશ્વાસ પ્રાપ્ત અને ભરોસામંદ વ્યક્તિ તરીકે દેશમાં અણ્ણા હજારેની પસંદગી કરવામા આવી હતી.જેમણે ગત વર્ષમાં ભ્રષ્ટ્રાચાર વિરુધ્ધની એક ચળવળ શરુ કરી હતી. હજારે તેમનું સ્થાન બીજા વર્ષે પણ જાળવી રાખ્યું હતું.સર્વેમાં દેશના ૧૧૦૦ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં ૨૧૧ કેટેગરીઝ જેવી પર્સનાલીટી,પર્સનલ ગેજેટ્સ,કન્જુમર પ્રોડકસ,રીટેલ,ટેકનોલોજી,બેકીંગ, ગર્વ.ઈન્સ્ટીટ્યુટ,ટેલીકોમ, એરલાઈન અને બીજા ક્ષેત્રોમાંથી સર્વેક્ષણમાં સામેલ કરવામાં આવ્યા હતા.પ્રથમ દસ વ્યક્તિઓ પૈકી બીજા અને ત્રીજા સ્થાને બોલીવુડના આમીરખાન અને સલમાનખાન રહ્યા હતા.જ્યારે ચોથા સ્થાને બિઝનેસમેન રતન ટાટાને મળ્યો હતો.

ટાટા ગત વર્ષની પોઝીસનમાંથી કુદકો મારીને ચોથા સ્થાને આવ્યા હતા.ગત વર્ષે તેઓ છઠ્ઠા સ્થાને હતા.પ્રથમ વાર ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીનું નામ લીસ્ટમાં સામેલ થયું હતું. તેઓએ બીઝનેસ કેટગરીમાં બીજુ સ્થાન મેળવ્યું હતું.

## હ્યુમન રાઇટ્સના મુદ્દે ઇકુનીમીનીકલ નેતાઓ યુએન કમિશ્નરને મળ્યા

યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નર, ફોર હ્યુમન રાઈટસે વર્લ્ડ કાઉન્સીલ ઓફ ચર્ચીસના નેતાઓને ધાર્મિ સ્વાતંત્રતાના મુદ્દે સાંભળ્યા હતા.તેઓએ પાકિસ્તાનમાં ધર્મનંદાના કાયદા હેઠળ ધાર્મિક સ્વાતંત્રતાનું હનન,નાઈજીરીયામાં લઘુમતી ધાર્મિક નાગરિકો સામે વધતી જતી હિંસા,તેમજ બોકો હરામ દ્વારા ચર્ચોને નિશાન બનાવાય છે તે બાબતે ચર્ચામાં મુકી હતી.ધાર્મિક સ્વાતંત્રતા અને ધાર્મિક લધુમતીઓના અધિકાર બેઉ બાબતે ડબલ્યુ સીસી માટે મહત્વની બાબતો છે.ચર્ચોના પ્રતિનિધિઓ તરીકે,અમો તમામ



ધર્મોના લોકોના ધાર્મિક સ્વતંત્રતાના અધીકાર માટે બોલી શકીએ છીએ તેમ ડો.ટીવીટે જણાવ્યું હતું.



## સસ્તા અનાજના વિતરણમાં ચાલતા ભ્રષ્ટ્રાચાર સામે જેસ્યુટ્સ દ્વારા લડત

સસ્તા અનાજનું વિતરણ સરકાર દ્વારા કરવામાં આવે છે.ગુજરાતના ગરીબ લોકોને જે અનાજનું વિતરણ કરવામાં આવે છે જે સરકારની રેશનીંગની દુકાનો મારફતે આપવામાં આવે છે.તે હલ્કી ગુણવત્તા વાળું હોય છે તેમજ આ વ્યવસ્થામાં ભારે ભ્રષ્ટાચાર ચાલે છે.જેઓ ગરીબી રેખાથી નીચે જીવે છે તેમને અપાતા અનાજનું વિતરણ પણ સરકારની પબ્લીક ડીસ્ટ્ર્યુબીશન સીસ્ટમ દ્વારા કરવામાં આવે છે.

રાજયના ૧૧ જેસુઈટ ઓરગેનાઈઝેશન,જેઓ જેસુઈટ ઈન સોશ્યલ એકશન વેલ્ફેર ગ્રુબના સહકારથી તેમણે રાઈટ ટુ ફુડ સ્કીમ બાબતે તપાસ કરી હતી.જે બે વર્ષ પહેલા કરી હતી.તપાસમાં તેઓએ ફીલ્ડ સ્ટડીઝ, સેમીનારર્સ, રેલીઝ, પબ્લીક મીટીંગ્સ અને લોકજાગૃતિના કાર્યક્રમો કર્યા હતા જેથી લોકોને પોતાને સારુ અનાજ મળવાનો અધિકાર છે તેનું જ્ઞાન થાય.તેમજ તેમને મળતા ખરાબ અનાજના જથ્થા સામે તેઓ ફરિયાદ કરી શકે.અત્યાર સુધીમાં તેમની ચળવળે રાજયના ૯૦૦ ગામડાઓમાં કાર્ય કર્યું છે.કેમ્પેન મેનેજરોએ આ બાબત યુકેનન્યુઝ.કોમ ને જણાવી હતી.તેમણે કહ્યું હતું કે ૩૦મી જાન્યુઆરી સુધીમાં તેઓ ૭૫ ટકા ગામડાઓમાં આ લોકજાગૃતિનો કાર્યક્રમને આવરી લેશે.લોકોએ જણાવ્યું હતું કે મોટા ભાગની સરકારી અનાજની દુકાનો મહિનામાં માત્ર એક કે બે દિવસ જ ખુલતી હોય છે. પરંતુ તેઓ હવે એવું ઈચ્છે છે ક અઠવાડીયાના છ દિવસ આ દુકાનો ખુલ્લી રહે.જો કે રેશનીંગ દુકાનદારો સબસીડીવાળું અનાજ ખુલ્લા બજારમાં વધુ નફો રળવા વેચી દેતા હોય છે. જેથી સામાન્ય લોકોને અનાજ મળતું નથી.

જેસુએટ ફાધર ઝેવીયર મન્જુરન ઓફ રાજપીપલા સોશ્યલ સર્વીસ સોસા.(આરએસએસએસ)જે આ ચળવળના એક આગેવાન છે તેમના જણાવ્યા પ્રમાણે પબ્લીક ડીસ્ટ્રુબીશન સીસ્ટમમાં ઘણા બધા માફીયાઓ સંડોવાયેલા છે.જેઓ આ વ્યવસ્થાને સુચારુ ચાલવા દેવા માંગતા નથી. ફાધસ સ્ટેની પીન્ટો,આદીવાસી ખેતી યોજના,ભિલોડાના જણાવ્યા પ્રમાણે લોકોને આપણે જાગૃત કરવા પડશે કે તમને જે રેશન યોજના દ્વારા આપવામાં આવે છે તે તમારો કાયદેસરનો અધિકાર છે.સરકાર તમારા પર કોઈ જાતનો ઉપકાર કરતી નથી.તપાસ દરમિયાન એ જોવા મળ્યું છે કે ૭૫ ટકા રેશનીંગની દુકાનોમાં સ્ટોક રજીસ્ટર રાખવામાં આવતા નથી.કાયદા મુજબ દરેક દુકાનદાર જેના દ્વારા રેશનીંગનું અનાજ આપવામાં આવે છે તેમણે સ્ટોક રજીસ્ટર રાખવું ફરજીયાત છે.તેમજ જ્યારે જ્યારે તે જોવા માટે માંગણી કરાય ત્યારે તે બતાવવું પડે.અનાજ સિવાયની બીજી વસ્તુઓમાં ભારે ગોલમાલ હોય છે.૭૫ ટકા ગામડાઓના લોકોએ સર્વેમાં જણાવ્યુ હતું કે તેમને કેરોસીનનો ક્વોટા રેગ્યુલર મળતો નથી.તેથી તેમને ઉંચા ભાવે તેને બજારમાંથી ખરીદવો પડે છે.સર્વેક્ષણમાં એવી બાબત પણ નોંધવામાં આવી હતી કે ફેર પ્રાઈઝ શોપના ચલાવનારાઓને વળતર ઓછું મળે છે.તેને કારણે તેઓ ભ્રષ્ટાચાર આદરે છે.કે અપ્રમાણિકતા કરે છે.

સર્વેક્ષણ કરનારાઓનું કહેવું છે કે ગુજરાત અનાજની અછત ધરાવતું રાજ્ય છે.સરકારના આંકડાઓ એવું બતાવે છે અપુરતા પોષણનો દર ૪૭ ટકા જેટલો છે.જો કે ગુજરાત માટે એવો દાવો કરાય છે કે તે ઝડપથી ઓદ્યોગિક વિકાસ તરફ પ્રગતિ કરી રહેલ રાજ્ય છે.

જે કામ પોલીટીકલ પાર્ટીઓએ કરવાનું છે તેનો ભાર અન્યોએ વેઠવો પડે છે.જે ગરીબોના વોટ લઈને રાજકીય પાર્ટીઓ ચુંટાઈ આવે છે તોમણે તેમને પુરતુ,સારુ,અનો સમયસર તેમના હક્કનું અનાજ મળી રહે તે માટે ખાસ ધ્યાન રાખવું જોઈએ.ગરીબોને માટે સરકારે જે કોઈ યોજનાઓ દાખલ કરી છે તે સર્વ જગ્યાઓ પર માફીયાઓનું વર્ચસ્વ દેખાય છે.અને તેમની સાંઠગાંઠ સરકારી તંત્રના લાચીયા અધિકારીઓ અને રાજકીય સુત્રો સાથે હોય છે.તેથી લોકોને લાભ મળતા નથી.

**સમાચાર સંપાદન**
**શ્રી સંજય પોલ ચૌહાણ**

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

## નવક્રાંતિ

યુપીએ સરકારે બળાત્કાર અંગેના કેસોમાં કાયદામાં ફેરફાર કરવાની લોકોની માંગણીને ધ્યાને રાખી ઝડપથી તે બાબતે કાર્યવાહી કરીને,વટહુકમ બહાર પાડીને તેને કાયદામાં ફેરવી નાંખ્યો છે.કાયદો બનાવવો એ સહેલી વાત નથી એમાં કેટલુંક ગહન ચિંતન કરવું પડે ત્યારે તેને કાયદાનું સ્વરુપ આપી શકાય.દિલ્હીની ફુટપાથો પરથી બુમો પાડીએ એટલે કાયદા બનતા નથી તે માટેની કેટલીક લોકશાહી પ્રક્રિયાઓ છે જેને સંપુર્ણ રીતે પાળવી પડે.

આજ રીતે સરકારે લોકપાલ બિલને સંસદમાં પેશ કરીને કાયદો બનાવવાની તૈયારી કરી લીધી છે.અને તે કરશે. પરંતુ સરકાર કરતી નથી તો પણ વિરોધીઓને પેટમાં દુઃખે અને કરે તો પણ દુઃખે. ખેર યુપીએ સરકારે લોકોની વાતને ધ્યાનમાં રાખીને જે કામગીરી કરી છે તેને જશ આપવો પડે.

આજકાલ વડાપ્રધાનપદ માટે નામ નક્કી કરવાની પધ્ધતિ દાખલ થઇ છે. જે લોકશાહી માટે લાંછન સમાન છે. આપણે ત્યાં એક લોકશાહી પ્રણાલી છે.અને તે પ્રમાણે દેશમાં ચુંટાઈને બહુમતી પ્રાપ્ત પક્ષ પોતાનો નેતા પસંદ કરીને વડાપ્રધાન નક્કી કરે છે.ચુંટણી પહેલા નામાંકરણ કરવાની વિધિ એ અમેરિકન પધ્ધતિ છે.લોકશાહી પ્રક્રીયા અને બંધારણને તોડવા મરોડવાની બાબતો એમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.આ બધાની પાછળ કોઈની મેલા મનની રમત ચાલી રહી છે. જેમને આંબેડરનું બનાવેલ બંધારણ અસ્પૃશ્ય લાગે છે.ભારતમાં પક્ષો વચ્ચે હરિફાઈ થાય છે.નહી કે વ્યક્તિઓ વચ્ચે.કેટલાક પરિબળો રોજ કોંગ્રેસને ઉકસાવવા પ્રયત્ન કરે છે કે તમારો ઉમેદવાર નક્કી કરો.કેટલાંક પરિબળો ભાજપ પાસે કે સંતો પાસે ઉમેદવારનું નામ નક્કી કરવા માં ગે છે.જેમણે સંસારનો ત્યાગ કર્યો છે તેઓ સંસારનો વહીવટ કરશે. રાજકારણ બદલાઈ રહ્યું છે.તે શેના માટે,કોના માટે ? આ બધા સવાલોના જવાબ શોધવા માટે લોકો પાસે તો સમય નથી.પરંતુ જેઓ રાજકીય સમીક્ષકો છે તેમણે આ બાબતની જડ સુધી પહોચવું પડશે.

ખેર, હજુ તો ૨૦૧૪ની ચુંટણીને ઘણો સમય બાકી છે,જેમ સમય આગળ વધતો જશે તેમ તેમ વધુ જાણકારી મળશે કે કોણ કેવી બાજી રમી રહ્યું છે.

## સેંટ મેરીસ સ્કુલ, નડીયાદ ખાતે માનવ ગૌરવ દિનની ઉજવણી

સેંટ મેરીસ સ્કુલ,નડીયાદ ખાતે તા.૩જી ફેબ્રુઆરીના રોજ માનવ ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવી હતી.આ ઉજવણીમાં ચાઈલ્ડ લાઈન પ્રોજેકટનું ઉદઘાટન શ્રી એમ.વી.પારગી,કલેકટરશ્રી,ખેડા દ્વારા કરવામાં આવ્યું હતું.કૈરા સોસ્યલ સર્વીસ સોસા.ના ફાધર જોસેફ અપાઉ,શીવાનંદ આશ્રમ,અમદાવાદના શ્રી આધ્યાત્મનંદજી, બિશપશ્રી થોમસ મેકવાન, સેંટ મેરીસ સ્કુલના પ્રિન્સીપાલ ફાધર રોકી પિન્ટો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં ૨૮ બાળાઓને રૂા.૮૨,૦૦૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.અલ્પ સંખ્યક મહિલાઓની નેતાગીરીને તાલીમ આપતું પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું જે સ્વામીજી દ્વારા કરાયું હતું. પ્રેષક : હિરેન ભાટીયા,વિમલ વણકર

## પ્રતિનિધિ નિમવાના છે

જીલ્લા અને તાલુકાવાર પ્રતિનિધિઓની નિમણુંક કરવાની છે.આપના વિસ્તારના સમાચારો એકઠા કરી,નવા ગ્રાહકો ઉભા કરી લવાજમો ઉઘરાવી શકો તેમ છો, તેમજ સાપ્તાહિક માટે જાહેર ખબરો લાવી આપી શકો તેમ છો.તો આપની કામગીરી માટે આપને યોગ્ય કમિશનના ધોરણે નિમણુંક આપવામાં આવશે.તમારી સંપુર્ણ વિગતો સહીત નીચેના સરનામા પર સંપર્ક કરો યા લખો.

**તંત્રી,નવક્રાન્તિ સાપ્તાહિક,**
૨/૧૦, સોનીયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર,
અમદાવાદ૩૮૦ ૦૦૭
મો.૯૮૨૫૧-૬૯૩૮૬

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

## ઓરિસ્સાના કંધમાલ જીલ્લામાં દલિત કન્યાઓ પર થયેલ બળાત્કારની ઘટના બાબતે સત્યશોધક ટીમે સ્થળની મુલાકાત લીધી

નેશનલ કેમ્પેન ઓન દલિત હ્યુમન રાઈટ્સ,તેમજ તેના સંકલિત સંગઠનો નાવો,ઓડીસા ફોરમ ફોર સોશ્યલ એકસન,હ્યુમન રાઈટ્સ એક્ટીવીસ્ટ, તેમજ જર્નાલીસ્ટોએ તાજેતરમાં કંધમાલ જીલ્લામાં બનેલા રેપ કેસોમાં સત્ય શોધવા માટે મુલાકાત લીધી હતી.

જાન્યુઆરી ૧૦,૨૦૧૩ના રોજ સત્ય શોધક ટીમે પાંચ ગામડાઓની મુલાકાત લીધી હતી. જેમાં ટીઆનગીયા, સીમનબાડી, દરયાંગબાડી, બડા ગાંવ, સરનગોડા ,ટીકાબાલી(કંધમાલ જીલ્લા)નો સમાવેશ થાય છે.ટીમના સભ્યોએ બળાત્કારના ભોગ બનેલા,તેમના કુટુંબીજનો,સમાજના સભ્યો, બનાવની તપાસ કરનારા પોલીસ અધિકારીઓ તેમજ પોલીસ સ્ટેશનોની મુલાકાત લીધી હતી.આ ટીમે આ વિસ્તારના કલેકટરને મળ્યા હતા અને તેમના સુચનો જણાવ્યા હતા.

બળાત્કારના પાંચ કેસોના જે રીપોર્ટ નોંધવામાં આવ્યા હતા તે તપાસમાં સાચા નિકળ્યા હતા.અને નોધાયેલ ગુના બરાબર હતા.સત્ય શોધક ટીમે આ ઘટનાઓ બની તે બાબતે આંચકો અનુભવ્યો હતો.કંધમાલમાં તાજેતરમાં દલિત ખ્રિસ્તી કન્યાઓ પર થયેલ બળાત્કાર અને તેણીઓના ખુન બાબતે તેમણે કહ્યું હતું કે જયારે સેક્યુઅલ વાયોલન્સ માટે દેશવ્યાપી ચર્ચાઓ ચાલી રહી છે. તેમજ લોકોનો ગુસ્સો આસમાને છે ત્યારે આવા કેસોને પ્રકાશમાં મુકવામાં જ આવ્યા નથી.તપાસમાં ઢીલાસ,એ પોલીસ અધીકારીઓ દ્વારા દાખવેલી બેદરકારી છે.સ્થાનિક વહીવટી તંત્ર આ બાબતે તુટી પડ્યું જણાય છે.તેમજ અન્ય સંસ્થાઓ આ બાબતે જાગૃત નથી તે આ કેસોની મંદ અને ઢીલાસવાળી તપાસ કામગીરી સુચવે છે.ચાઇલ્ડ પ્રોટેકટશન સીસ્ટમ, સીડબલ્યુસી,જેજેબી, ચાઈલ્ડ લાઈન વિગેરે સંસ્થાઓ બળાત્કારીઓની સહાયે પહોચી નથી.તેમજ તેમણે જે જવાબદારી નિભાવવાની છે તે પુરી કરી નથી એવું મંજુપ્રભા, નાવો દ્વારા જણાવાયું હતું.

ઓરિસ્સાના મુખ્યમંત્રી દિલ્હીમાં બનેલ ગેંગરેપના કારણે ન્યુઇયરની ઉજવણીમાં ભાગ લીધો નહોતો.અને વિરોધ પ્રદર્શિત કર્યો હતો એ જ વ્યક્તિ જ્યારે તેમના રાજ્યમાં પાંચ દલિત કન્યાઓ પર બળાત્કાર થાય ત્યારે તેમણે કશું કર્યું નથી.નમ્રતા ડેનીયલ, નેશનલ કેમ્પેન ઓન દલિત હ્યુમન રાઈટ્સે આ જણાવ્યું હતું.

જેઓ બળાત્કારનો ભોગ બનેલી કન્યાઓ છે તેમના કુટુંબીજનો અત્યંત ગરીબ અવસ્થામાં જીવે છે.તેમને સામાન્ય જનજીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ પણ મળી શકતી નથી.તેમની પાસે જોબકાર્ડ નથી.તેમજ પીડીએસ,કે ફ્લેગશીપ પ્રોગ્રામો ની સવલતો મળી નથી.સત્ય શોધક ટીમે આ ઘટનામાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસો ચલાવવા જણાવ્યું હતું.જેથી ઝડપી ન્યાય મળી શકે.આ અસરગ્રસ્ત કુટુંબોને એસસી-એસટીના લાભો તેમજ અન્ય યોજનાઓના લાભો સરકાર તરફથી ત્વરીત મળે તેવી સરકારને વિનંતી કરી હતી.

## જાણવા જેવું !

ઓસ્ટ્રેલીયાની ચોવીસ વર્ષના મોજેટે દુનિયાભરના કીડી અને મંકોડાનો મોટો સંગ્રહ કરેલો છે.

કેસરી રંગ ધરાવતો ૧૩૬ વર્ષ પહેલાં લુપ્ત થયેલો દેડકો ભારતના દક્ષિણ ભાગમાંથી મળી આવ્યો છે.આ દેડકો છેલ્લી વાર ૧૮૭૪માં જોવા મળ્યો હતો. આ દેડકો એકસાથે ૪૦૦૦ ઈંડા મુકે છે. તેઓ પાણી મોઢેથી પીતા નથી પણ ત્વચાથી શોષે છે. તેમની લંબાઈ ૩૦ સે.મી.ની હોય છે.

દેડકાં માત્ર લીલા રંગના જ નથી હોતા, તેઓ લાલ,કથ્થઈ અને અન્ય ઘણી જાતના રંગો ધરાવે છે.

જાપાનમાં દેડકાંને શુભત્વનું પ્રતીક માનવામાં આવે છે.

દેડકાં એક સાથે ઉપર,નીચે,અને આજુબાજુ એક ત્રણ રીતે જોઈ શકે છે.

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન,
શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,
કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## કેન્યામાં ચર્ચ પર ગ્રેનેડ ફેકાયા



રેડક્રોસના જણાવ્યા પ્રમાણે ચર્ચ ઉપર ફેકાયેલ ગ્રેનેડને કારણે ૧ વ્યક્તિનું મોત નિપજ્યું હતું અને ૧૩ જેટલા લોકો ઘવાયા હતા.પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે સોમાલી ગ્રુપ અલ-શબાબ આ હુમલા માટે જવાબદાર છે.ગરીસા ટાઉનના અધિકારી સુત્રોના જણાવ્યાનુસાર ગરીસા ખાતે ફેકવામાં આવેલા ગ્રેનેડ પોલીસ કંમ્પાઉન્ડમાં ફેકવામાં આવ્યા હતા પરંતુ કમનસીબે તે ચર્ચમાં પડ્યા હતા.ચર્ચના પાસ્ટરના જણાવ્યા પ્રમાણે ઘાયલ થયેલામાં કેટલાક પોલીસ ઓફીસરનો પણ સમાવેશ થાય છે.બ્લાસ્ટ થયા બાદ કેટલાક ગોળીબારો સંભળાયા હતા.ગત જુલાઈમાં પણ ગરીસાના ચર્ચ પર હુમલો થયો હતો જેમાં ૧૭ વ્યક્તિઓના મોત થયા હતા અને ૪૦ લોકો ઘાયલ થયા હતા.હુમલાખોરોએ ગ્રેનેડ ફેક્યા હતા અને પ્રાર્થના કરતા લોકો પર ગોળીબાર કર્યો હતો.આફ્રિકન દેશોમાં સતાવણીનું પ્રમાણ ખુબજ વધી જવા પામ્યું છે.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫
૯૭૨૩૩૩૨૩૯૬




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

# પ્રતિભાવ

મુસલમાનો માટે નફરત કેમ ? નિરિક્ષકમાં છપાયેલ આ લેખ અમે પ્રસિધ્ધ કર્યો હતો અને વાચકોના પ્રતિભાવ માંગ્યા હતા.જે પૈકી ફાધર વિલિયમનો અભિપ્રાય વાચકો સમક્ષ રજુ કરીએ છીએ. જેમ જેમ આપના પ્રતિભાવો આવતા જશે એમ તેને મુકવામાં આવશે.

તંત્રી

'નિરીક્ષક'(૧૬-૧૨)માં પ્રસિધ્ધ કરાયેલ ઉપરોક્ત મુસલમાનો માટે નફરત કેમ ? લેખમાં લેખક શ્રી જગદીશ શાહ દ્વારા ખાસ્સા એવા હકીકત દોષો થયા છે.જેના કારણે વાચકોમાં ગેરસમજ અને પરિણામે અન્ય ધર્મીઓ પ્રતિ પુર્વગ્રહો પેદા થવાનું મોટું જોખમ(એમના લેખના ઉમદા ઉદેશથી સાવ વિપરિત)રહેલું હોઇ એ હકીકત દોષો દુર કરવાની મને આવશ્યકતા લાગે છે. સાથે સાથે વડીલ તથા વિદ્વાન એવા શ્રી જગદીશભાઇની નારાજગી વહોરી લેવાનું જોખમ ખેડવાની પણ વિનમ્રભાવે હિંમત કરુ છું.

સૌ પ્રથમ તો એ કહેવાનું કે, બાઇબલના બે વિભાગો(ગ્રંથો) છે : જુનો કરાર(ઇસુ પહેલાંના સમયનો વૃતાંત) અને નવો કરાર(ઇસુ આવ્યા પછીના સમયનો વૃતાંત),જુનો કરાર મુળે હિબ્રુ ભાષામાં લખાયેલો. તેના કેટલાક વિભાગો એરેમાઇક ભાષામાં લખાયા હતા. આ જુના કરાર ગ્રંથનો બહુ થોડા જ સમય બાદ ગ્રીક ભાષામાં અનુવાધ થયો હતો.નવો કરાર તો આરંભથી જ ગ્રીક ભાષામાં લખાયેલો(કારણ ગ્રીક સામ્રાજ્યના પ્રસારને કારણે ગ્રીક ભાષાનું પ્રભુત્વ રચાયેલું)વળી. ઇ.સ.પુર્વે લગભગ ૨૫૦માં જુનો કરાર ગ્રંથોના ભાષાંતર થવા માંડ્યા હાત. અને આજ તો દુનિયાની કોઇ પણ ભાષા બાકી નથી જેમાં બાઇબલનો અનુવાદ ન થયો હોય.ગુજરાતમાં આદિવાસી બોલી, ગામીત, ભીલી વગેરેમાં પણ અનુવાદો થયા છે.અંગ્રેજી, ફ્રેન્ચ,સ્પેનીશ, જર્મન, ઇટાલીયન આદિ ભાષાઓમાં તો એક કરતાં વધુ અનુવાદો થયા છે.ઘર આંગણે ગુજરાતની વાત કરીએ તો દોઢસોએક સાલ પુર્વે પ્રોટેસ્ટંટ પંથી ખ્રિસ્તીઓએ તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો જે સુરતમાં છપાયો હતો. એ સને ૧૯૮૧માં સ્પેનીશ ફાધર ઇસુદાસ ક્વેલીની અભુતપુર્વ જહેમત તથા અથાક પરિશ્રમથી બાઇબલનો અનુવાદ ગુજરાતના શ્રેષ્ઠ અનુવાદક સ્વ નગીનદાસ પારેખ (ગદ્યખંડો)અને ગુજરાતીના ત્રણ સુપ્રસિધ્ધ કવિઓ નિરંજન ભગત, ચંદ્રકાંત શેઠ અને યોસેફ મેકવા(પદ્ય ગ્રંથો) દ્વારા કરવામાં આવ્યો હતો.આ અનુવાદિત બાઇબલનું શીર્ષક આપવામાં આવ્યું છે.સંપુર્ણ બાઇબલ. અનુવાદ એટલો સુવાચ્ય સુંદર, અને ઉત્કૃષ્ટ કોટિનો છે કે ગુજરાત સાહિત્ય પરિષદે પ્રસ્તુત અનુવાદીત બાઇબલને ગુજરાતી સાહિત્યમાં ખ્રિસ્તીઓનું વિશિષ્ટ પ્રદાન કહીને બિરદાવ્યું છે. પ્રકાશભાઇ તો આ બાબતે વાકેફ હશે જ.વ્યક્તિગત રીતે મને ગુજરાતી બાઇબલના અંગ્રેજી કરતાં ગુજરાતીમાં અનુવાદીત ગીતશાસ્ત્રો(સામ્સ)ઘણાંજ પ્રિય છે ને વારંવાર વાંચવા ગમે છે. માત્ર બે ઉદાહરણો આપું છું.(**This is the day the which the Lord has made,let us rejoice and be glad**)નું સુહામણો દિન પ્રભુએ સર્જ્યો,પ્રભુનો જયજયકાર અને (**The Lord is my shepherd,there is nothing I shall want**)નું પ્રભુ મારો ગોવાળ છે જાતે,મને ઉણું ન લાગે કોઇ વાતે.જગદીશભાઇને સંપુર્ણ બાઇબલની એક નકલ મળી રહે તેવી વ્યવસ્થા હું કરી રહ્યો છું. ઠીક,સાચી હકીકત આવી હોઇ જગદીશભાઇના આ વિધાનો : 'આવુંજ ખ્રિસ્તીઓ માટે માની શકાય. મુળ બાઇબલ હિબ્રુ ભાષામાં છે,અમુક લોકો જ તે ભાષા શીખે છે અને પછી તેનો તેમની અક્કલ મુજબ અર્થ કરે છે.આ પાદરી વર્ગ તમામ ધર્મોની ઉદારતા, સહિષ્ણુતાની વાત ન કરતાં ધર્મના નામે ગરીબ લોકોમાં અજ્ઞાન અને વહેમ ફેલાવી વટાળ પ્રવૃત્તિ કરી પોતાના ધર્મના અનુયાયીઓ વધારવા પ્રયત્નશીલ રહે છે.' ઘણા ગંભીર અને ક્ષતિયુક્ત તથા અપમાનજનક છે.હકીકતે અને કમનસીબે ગુજરાતમાં ને દેશમાં ધર્મના નામે ગરીબ લોકોમાં અજ્ઞાન અને વહેમ ફેલાવી અનુયાયીઓ ને સભ્યો વધારવા પ્રયત્નશીલ જો કોઇ રહેતા હોય તો તે રાજકારણીઓ અને આપમેળે બની ગયેલા સાધુ સંતો ને કથાકારો છે.

જગદીશભાઇ પાદરી વર્ગનો ઉલ્લેખ કરે છે તેમા ફાધર વાલેસ, સેન્ટ ઝેવીયર્સ કોલેજના માજી આચાર્ય ને ગુજરાતીના અધ્યાપક ફાધર ફ્રાન્સીસ પરમાર, લેખક અને પત્રકાર ફાધર વર્ગીસ પોલ, સોસ્યલ સ્ટડી સેન્ટર(સુરત યુની.)ના માજી ડાયરેકટર ડો ઘનશ્યામ શાહના અનુગામી અને હાલ સેવાસી (વડોદરા) સ્થિત સેન્ટર ફોર કલ્ચરસ ડેવલપમેન્ટ સેન્ટરના નિયામક ડો. લેન્સી લોબો, હું ફાધર વિલિયમ તથા બીજા ઘણા શિક્ષિત અને જાણીતા વિદ્વાન પાદરીઓ (ફાધર્સ) નો સમાવેશ થાય છે.પાદરીઓ તો બધા શિક્ષિત હોય છે.કારણ ઇસાઇ પંથોમાં હિંદુધર્મની જેમ ગમે તે વ્યક્તિ પુજારી કે પ્રચારક બની શકતી નથી.પાદરી બનવા માટે તો અમારે લાંબાં વરસોના બાઇબલ તથા થીયોલોજીનો સઘન અભ્યાસ કરવો પડતો હોય છે.ત્યાર બાદ બિશપ કે અધિકૃત અન્ય ધર્માધિકારી અમારી પાદરી તરીકે નિમણુંક કરે છે.

બાઇબલનો અનુવાદ અંગ્રેજી તથા અન્ય ભાષાઓમાં થયેલ હોઇ હવે હિબ્રુ ભાષા શીખવાની જરૂર હોતી નથી અને કંપ્યુટરના આ યુગમાં બધીજ માહીતી ઇન્ટરનેટ પર મળી આવે છે. જગદીશભાઇને જણાવવાનું કે ફાધર વાલેસ, મે કે અમે પાદરીઓએ ક્યારેય અમારી અક્કલ મુજબ(જે જગદીશભાઇ માને છે તેના કરતાં વધુ સ્વસ્થ ને ઘણી સારી છે !)બાઇબલનો અર્થ લોકોને સમજાવ્યો નથી અને ગરીબ લોકોમાં અજ્ઞાન તથા વહેમ ફેલાવ્યો નથી અને એમ વટાળ પ્રવૃતિ કરી અમારા ધર્મના અનુયાયી વધારવા પ્રયત્નશીલ રહ્યા નથી.એટલો તો જગદીશભાઇના પ્રસ્તુત વિધાનો(અ) મારે માટે બહુ અપમાનજનક તથા ઘણી લાગણી દુભાવે તેવાં છે.જગદીશભાઇને એ યાદ કરાવવું ઘટે છે કે ગુજરાતમાં તથા દેશના અન્ય વિસ્તારોમાં ખ્રિસ્તીઓમાં શિક્ષણનો વ્યાપક પ્રચાર થયેલો હોઇ ખ્રિસ્તીઓ ઘણા શિક્ષિત છે.ગુજરાતમાં સુપ્રસિધ્ધ લેખક સ્વ.જોસેફ મેકવાન,ભારતીય સંસ્કૃતિના નિવૃત્ત અધ્યાપક ડો.થોમાસ પરમાર, કેનેડી હ્યુમન રાઇટ્સ એવોર્ડ નવાજિત દલિતો મધ્યે કાર્યરત પ્રતિબધ્ધ કર્મશીલ માર્ટિન મેકવાન...વગેરે ખ્રિસ્તી મતાવલંબીઓ(અમે) પાદરીઓના મનસ્વી બાઇબલ અર્થઘટનને આપોઆપ સ્વીકારી લે ને સામે પ્રશ્નોના કરે તેવી માન્યતા બિલકુલ વાહિયાત છે તથા પ્રસ્તુત શિક્ષિત વ્યક્તિઓની બૌધ્ધિક ક્ષમતાનું અવમુલ્યન અને તેથી અપમાન ગણાય.હું પોતે ચારેક વર્ષ પહેલાં ' વિશ્વગ્રામ પ્રેરીત' આદરણીય શ્રી મોરારીબાપુ સાથે ગુજરાતમાં આરંભાયેલ સામાજિક સંવાદિતા અભિયાન 'સદભાવના ફોરમ'નો સભ્ય રહ્યો છું.ને સક્રિય છું. એ નાતે તો મારે એ ખાસ કહેવાનું કે જગદીશભાઇના આવાં વિધાનો ખ્રિસ્તીઓ તથા અન્ય ધર્મીઓ પ્રતિ પુર્વગ્રહો ને ઘૃણા પ્રગટાવે તેવા હોઇ સામાજિક સંવાદિતા પ્રસારવામાં ભારે અડચણરુપ છે.વ્યક્તિગત રીતે મને એક બુઝર્ગ ગાંધીવાદીના આ પ્રકારના વિધાનોથી આંચકો લાગ્યો છે ને તેમની બિનસાંપ્રદાયિક અને સર્વધર્મસમભાવની વિચારસરણી પ્રતિ શંકા-આશંકા પ્રગટે તેવી કસોટી અન પડકાર ઊભા થયાં છે.મારી એવી પણ ચોક્કસ માન્યતા છે કે ગુજરાતના ઘણા ગાંધીજનો,વિચારશીલ લેખકો(ડો. ગુણવંત શાહ પણ) ને વ્યક્તિઓ જગદીશભાઇનાં વિધાનો ખાસ કરીને તો ખ્રિસ્તી પાદરીઓના સંદર્ભે કરેલાં -સાથે સહમત નહી થાય.' નિરીક્ષક ' એ જગદીશભાઇ શાહનો લેખ પ્રસિધ્ધ કરતાં પહેલાં હકીકતોની ખરાઇની ખાતરી કરી લીધી હોત તો કેટલીક ગેરસમજો ને હકીકત દોષો ટાળી શકાયા હોત.

ફાધર વિલિયમ

# જીસસ ફિલ્મમાં અભિનય કરવો મારા માટે મુશ્કેલ હતુ : અંકિત શર્મા



જીસસ ફિલ્મમાં અભિનય કરનાર એક હિંદુ અભિનેતા અંકિત શર્માએ જણાવ્યું હતું કે જ્યારે મને આ ફિલ્મ માટે પસંદ કરવામાં આવ્યો ત્યારે જીસસ માટે હું કંઇ જાણતો નહોતો.મારા માટે જીસસ હિંદી ફિલ્મમાં અભિનય કરવો અને જે પાત્ર માટે મારી પસંદગી કરવામાં આવી હતી તેને હું ન્યાય આપી શકીશ કે કેમ તે મારા માટે મુશ્કેલ હતું.શરુઆતમાં તે સહેલું નહોતું.પરંતુ જેમ જેમ શુટીંગ આગળ વધતું ગયું તેમ તેમ મે એ પાત્રને મારામાં ઉતારવાનું શરુ કર્યુ હતું.દિલ્હી ખાતે ખ્રિસ્તાયન(ધ જર્ની ઓફ ક્રાઇસ્ટ)ફિલ્મના પ્રમોશન માટે આવેલા ત્યારે તેમણે આ કહ્યું હતું.

૨૫ વર્ષીય અભિનેતા જ્યારે આ ફિલ્મ માટે પસંદ કરાયા ત્યારે તેમને જે પાત્રનો અભિનય કરવાનો હતો તે બાબતે તેઓ કશું જાણતા નહોતા.તેથી તેમણે જીસસ ઉપર બનેલી અનેક ફિલ્મો જોઇ,તેમજ તેમના અંગેના પુસ્તકો વાંચ્યા.છ કલાક લાંબી જીસસની જીવનકથા પર આધારિત આ ફિલ્મ ડીસેમ્બર ૨ ના રોજ ઇન્દોર,મધ્યપ્રદેશ ખાતે રીલીઝ કરવામાં આવી હતી.શર્મા એ જણાવ્યું હતું કે જીસસનું શિક્ષણ પ્રેમ અને ભાઇચારા બાબતે છે જે અન્ય ધર્મોમાં પણ છે.હું અનુભવું છું કે તેઓ સામાન્ય રીતે પ્રેમાળ,સંભાળ રાખનારા,અને સહુ કોઇના મિત્ર છે.શર્માએ પુનામાં અભિનયનો અભ્યાસ કર્યો છે.આ ફિલ્મને પુરી થતાં સાત વર્ષનો સમય લાગ્યો હતો. જેમાં ૨૦૦ જેટલા એ અભિનય કરનારા અને ટેકનીકલ સ્ટાફ સામેલ હતા.આ ફિલ્મ બનાવવામાં સાયંટીસ્ટ,પ્રોફેસર્સ,ડોકટર્સ,શિક્ષકો, સામાજીક કાર્યકરો,ખેડુતો,એથીઇસ્ટ, વિદ્યાર્થીઓ, મીડીયા કર્મીઓ,પ્રીસ્ટ અને ધાર્મિક સીસ્ટરોનો સહકાર અને મદદ મેળવાઇ હતી.ફિલ્મ મોટા ભાગે મધ્યપ્રદેશમાં બની હતી.પરંતુ અભિનય કરનારાઓ આ ફિલ્મ બાબતે ૧૦ રાજ્યોની મુલાકાત લીધી હતી જેમાં નોર્થ ઇસ્ટન ભાગોનો પણ સમાવેશ થાય છે.ફિલ્મના ડાયરેકટ અને પ્રોડ્યુસર ફાધર જીયો જ્યોર્જે જણાવ્યું હતું કે ૮૦ ટકા આર્ટીસ્ટો જેઓએ આ ફિલ્મમાં કામ કર્યુ છે તેઓ જીસસના મિત્રો છે જો તેઓ વિધર્મી છે.

ધ ડીવાઇન વર્લ્ડ પ્રીસ્ટના જણાવ્યા પ્રમાણે વિશ્વાસ અને આસ્થાના આ વર્ષ દરમિયાન આ ફિલ્મ અગત્યનો ભાગ ભજવશે. તે ધાર્મિક શિક્ષણ આપવામાં,વિશ્વાસની વહેચણી કરવામાં,તેમજ ધાર્મિક શિક્ષણ આપવામાં ઉપયોગી સાબિત થશે.ફાધર જ્યોર્જના જણાવ્યા પ્રમાણે તેઓ દરેક રાજ્યની મુલાકાત લેશે અને ફિલ્મના પ્રમોશન માટે કાર્ય કરશે જેથી વિશાળ લોક સમુદાયને ફિલ્મનો લ્હાવો મળે અને તે દ્વારા સુવાર્તા પ્રગટ કરી શકાય.તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેટલાંક હિંદુ સંગઠનોએ તેમની પાસે આ ફિલ્મનો ઉપયોગ કરવા માંગણી કરી છે.અમોએ આ ફિલ્મ દુરદર્શનને પણ આપવા માંગીએ છીએ જેથી તેનો વ્યાપક ઉપયોગ થઇ શકે.ફાધર જ્યોર્જના જણાવ્યા પ્રમાણે આ એક ફિલ્મ છે જે પવિત્રધામ યાત્રા સમાન છે.તેને સુંદર અને શોભનીય રીતે દર્શાવાઇ છે જે આપણા વિશ્વાસ અને અંગત જીવન માટે પણ મદદરુપ બની શકે તેમ છે.


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

## સુદાનની બાયબલ સ્કુલ ફરીથી ચાલુ કરવામાં આવી



સુદાનની અંદર આવેલી બાયબલ સ્કુલ જેને ઈસ્લામીક કટ્ટરવાદીઓ દ્વારા સતત સતાવણી કરવામાં આવતી હતી.તે થોડાક સમય માટે બંધ કરવામાં આવી હતી. પરંતુ તેને ફરીથી ખોલવામાં આવી છે. જો કે હજુ પણ કટ્ટરવાદીઓની સતાવણીનો સતત ભય છે.

૧૫મી ઓક્ટો.થી ગેરીફ વેસ્ટ બાયબલ સ્કુલ,સુદાન ફરીથી શરુ કરવામાં આવી છે.આ કંમ્પાઉન્ડમાં પ્રેસ બ્રિટેરીયન ઈવેન્જલીકલ ચર્ચ બિલ્ડીંગ છે જેને ૨૧મી એપ્રિલના રોજ ઈસ્લામીક કટ્‌રવાદીઓ દ્વારા નિશાન બનાવાયું હતું.આ તોફાનીઓએ બુલડોઝર દ્વારા આજુબાજુની દિવાલો તોડી નાંખવામાં આવી હતી તેમજ સ્કુલ અને ચર્ચમાં આગ લગાડવામાં આવી હતી.અહીયા આવેલી સંસ્થાની અન્ય ત્રણ ઈમારતો પણ હુમલાનો ભોગ બની હતી.અહીયા આવેલ ઘરડાઘરને નુકશાન પહોચાડાયું હતું. વિદ્યાથીઓની ચીજવસ્તુઓની તોડફોડ કરવામાં આવી હતી. તેમજ લાયબ્રેરીના પુસ્તકો અને બાયબલોનો સંપુર્ણ નાશ કરવામાં આવ્યો હતો.અહીયાની સ્કુલમાં પડેલી રોકડ હુમલાખોરો લુંટી ગયા હતા.

જો કે બાયબલ સ્કુલ હજુ સુધી તેને થયેલ નુકશાનમાંથી બહાર આવી નથી.અને હજુ પણ ઈસ્લામીક આતંકીઓનો ભય તેમને સતાવે છે.હુમલો કરનારાઓએ હુમલો કરતાં પહેલા કમિશ્નર ઓફ ખારતુમ પાસેથી રજા મેળવી હતી.જો કે આ રજામંદી ખોટી ગેરસમજને કારણે અપાઈ હતી.આ જમીનની માલિકી એ સાઉથ સુદાનીઝ ક્રિશ્ચિયનનોની છે.અને હવે તેઓ ભાગલા પડવાને કારણે સુદાનના નાગરિકો રહ્યા નથી.આ હુમલો કરવામાં આવ્યો તે પહેલા તેમને બાયબલ સ્કુલ અને ચર્ચેની માલિકી બાબતેના કાગળો બતાવાયા હતા.પોલીસે આ બાબતે હુમલાખોરો સાથે વાતચીત પણ કરી હતી.પરંતુ તેઓ હકીકતને માનવા તૈયાર નથી. અને જબરજસ્તીથી આ વિસ્તાર પર કબજો જમાવવા માંગે છે.મુસ્લીમ સંપ્રદાયની વધુ વસ્તી છે તે વિસ્તારમાંથી ખ્રિસ્તીઓની સંખ્યા જુજ જ રહી છે.આ વિસ્તારની મસ્જીદોના લાઉડસ્પીકર પરથી જાહેરાત કરવામાં આવે છે કે ખ્રિસ્તી સ્કુલો પોતાનું શિક્ષણ બંધ કરે.હવે આ પ્યોરલી મુસ્લીમ રાજ્ય છે.અને માત્ર મુસ્લીમોને જ અહીંયા વસવાનો હક્ક છે. વિગેરે વિગેરે.પરિણામે ત્યાં રહેતા નાગરિકોના અધિકારો,મિલ્કતો વિગેરે ઝુંટવાઈ રહ્યું છે.કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે.જેથી લોકોને પોતાની સલામતી માટે ઉચાળા ભરીને અન્ય જગ્યાઓ પર નાસી જવાની ફરજ પડી છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ડુંગળી અને ડિઝલ દેશના ગરીબ અને મધ્યમવર્ગી નાગરિકોને રડાવશે ?

ડુંગળી પગ કરી ગઈ ત્યાં સુધી સરકાર ઉંઘતી રહી.નિકાસની ભારે છુટ સામે ઉત્પાદનમાં ઘટ,સામાન્ય માણસને આકરો લાગે તેવો ભાવ વધારો ચુકવવાની ફરજ પડી.જેમને માત્ર ડુંગળી રોટલા પર પોતાનું ગુજરાન ચાલતુ હતું તેમને માટે હવે ડુંગળી સપના જેવી બની જશે.ગરીબો અને મધ્યમવર્ગને દાળના ભાવવધારાએ એવી રીતે આંસુ પડાવ્યા છે.ત્યાં પાછી સરકારે પડયા પર પાટુ જેમ ડિઝલમાં ભાવ વધારો કરી આપ્યો અને તેમાંય જ્યાં સુધી ઓઈલ કંપનીઓની ખોટ ભરપાઈ નહી થાય ત્યાં સુધી દર મહિને ડિઝલનો ભાવ વધારો થતો રહેશે.ડિઝલ આયાત કરવાની પાછળ ખર્ચાઈ જતું મોધું હુંડિયામણ હવે ડુંગળી આયાત પાછળ પણ ખર્ચાશે.જે સરકારમાં મોટા અર્થશાસ્ત્રીઓ બેઠા છે અને જેમના જ્ઞાનના વખાણ વિશ્વભરના લોકો કરે છે તેઓ તેમના દેશના લોકોને તેમના જ્ઞાનનો લાભ આપી શકતા નથી.ઉલટાનું તેમના કારણે ભારે મોઘવારી અને ફુગાવાનો સામનો કરવાનો વખત આવ્યો છે.

હવે સરકારી અધિકારીઓ જાગ્યા છે અને વેપારીઓ અને સંગ્રહાખોરોના ગોડાઉનો પર ડુંગળીના કાળા બજાર કરનારાઓ સામે સખ્ત પગલાં લેવાની જોર શોરથી જાહેરાત કરી દીધી છે.સરકારી તત્ર,કાળા બજારીયાઓ બધાની સાંઠગાંઠોને પરિણામે મધ્યમ અને સામાન્ય વર્ગની પીટાઈ થઈ રહી છે.જ્યાં સુધી લોકો જાગશે નહી ત્યાં સુધી તેમના બેહાલ થશે.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## ઇસુ ખ્રિસ્તના બેહુદા કેલેન્ડર સામે મહારાષ્ટ્રમાં ખ્રિસ્તીઓનો વિરોધ

ઈસુ ખ્રિસ્તનું ધર્મનિંદક ચિત્ર,જેમાં ઈસુ ખ્રિસ્તને એક હાથમાં સીગરેટ અને બીજા હાથમાં બીયર ટીન સાથે દેખાડવામાં આવ્યા છે તેવા ચિત્રનો કેલેન્ડરમાં સમાવેશ કરીને ૩૦ હજાર જેટલી કોપીઓ બજારમાં વેચી દેવામાં આવતાં,તેનો વ્યાપક વિરોધ થઈ રહ્યો છે.

જોસેફ ડાયસ,પ્રેસિડેન્ટ,કેથોલીક સેક્લુયર ફોરમે જણાવ્યું હતું કે તેમના વકીલો વિક્રમ ઈ અમોલીક અને પંકજ કે.ભંડારીએ પુનાની કોર્ટમાં આ બાબતે ક્રિમિનલ ફરિયાદ નોધાવી છે.અને તેને થોડાક સમયમાં બોર્ડ ઉપર લેવામાં આવશે.

તાનાજી ડી.લોનકર, ભુતપુર્વ શિવસેના મ્યુનીસીપલ કોરપોરેટર, દ્વારા આ કેલેન્ડરને પ્રકાશિત કરવામાં આવ્યું હતું.જો તેમણે આ વિવાદમાંથી છટકી જવા પ્રયત્ન કર્યો હતો,અને જણાવ્યું હતુ કે પ્રીન્ટરે આ છબી ઈન્ટરનેટ પરથી ઉતારી હતી.જો કે હુ બજારમાંથી કેલેન્ડર પાછા ખેચી લઈશ.

ડાયસે જણાવ્યું હતું કે તેઓએ સરકારને આ બાબતે ઝડપથી પગલાં લેવા ભલામણ કરી છે જો કસુરવારોને સજા કરવામાં નહી આવે તો અમો વિરોધ દેખાવોના પગલાં યોજીશું.

## યહુદીઓના બલિદાનની યાદગીરીમાં યુકે ચર્ચીસ ખાસ સર્વીસ ચલાવશે

હોલોકોઝ્‌સ્ટ મેમોરીયલ ડે, વિશ્વમાં ૨૭મી જાન્યુઆરીએ ઉજવાય છે.નાઝી કેમ્પો ૬૮ વર્ષ પહેલા શરુ થયા હતા.યુકેના ચર્ચો આ પ્રસંગે ખાસ પ્રાર્થના સવીર્સ ચલાવવાની હતા.૧ મીલીયનથી વધાર યહુદીઓ નાઝીઓના કેમ્પમાં મારી નાંખવામાં આવ્યા હતા.આ દિવસને ચર્ચે નવો મુદ્રાલેખ આપ્યો છે.'કોમ્યુનીટી ટુગેધર, બિલ્ડ ધ બ્રીજ' આ સ્પેશીયલ સર્વીસ માટે ખાસ પ્રકારના વાંચન અને પ્રાર્થના નક્કી કરવામાં આવ્યા હતા.જેનાથી બેઉ કોમો વચ્ચે પરસ્પરની નીકટતા વધે.

રેવ. ડેવીડ જીફોર્ડ, ચીફ એક્ઝીક્યુટીવ ઓફ ધ કાઉન્સીલ ઓફ ક્રિશ્ચિયન એન્ડ જ્યુશ, દ્વારા જણાવાયું હતું કે સીરીયા ચાલી રહેલ ભયંકર હિંસા અને નાજીરીયાની ગંભીર પરિસ્થિતિ કોમો વચ્ચે બ્રીજ બાધનારાઓની ખોટ અનુભવે છે.વિશ્વમાં અત્યારે એવા લોકોની જરુર છે જેઓ મધ્યસ્થી બને અને કોમો કોમો વચ્ચેના તણાવ અને ઘર્ષણ દુર કરે.વિશ્વમાં શાંતિ અને અમનનો ઝંડો લહેરાવવા માટે અથાગ પરિશ્રમ અને હિંમતવાળા લોકોની જરુર છે.જો કે તે અત્યંત જોખમ ભરેલું કાર્ય છે છતાં પણ એ માટે સતત ઝઝુમવું પડશે.

ડેવીડ કેમરુને ટ્‌વીટર પર પોતાનો સંદેશો આપતા જણાવ્યું હતુ કે મેમોરીયલ દિવસ નિર્દોષ માનવીઓના સંહાર કરવામાં આવ્યો તેની યાદગીરી રુપે છે.આવો આપણે સહુ ભેગા મળી ને બધા જ પ્રકારના ભેદભાવ મીટાવીને વિશ્વ એકતાની સ્થાપના કરીએ અને વિશ્વમાં શાંતિનું નિર્માણ કરીએ.

## ગ્રાહકો પાસેથી વીજકંપનીઓને ખાધ વસુલ કરવા સામે વિરોધ

હલકી ગુણવત્તાવાળા કોલસાનો ખર્ચનો કરોડો રુપીયાનો બોજો વીજ કંપનીઓ ગ્રાહકોના માથે નાંખી રહી છે.તેથી ગુજરાત વીજ નિયમન પંચે આકરુ વલણ અપનાવી વીજકંપનીઓએ તેમની ખાધ કોલ ઈન્ડીયા લી.પાસેથી વસુલવા આદેશ આપવો જોઈએ તેવી માંગણી કન્ઝુમર્સ એન્જયુકેશન અને રીસર્ચ સેન્ટર તરફથી કરવામાં આવી છે.વીજ કંપનીઓ આ કરોડોનો ખર્ચ ગ્રાહકો પાસેથી વસલવા માંગે છે.આ વીજ ઉત્પાદિત કરતી કંપનીઓ કોલસાની ખાણથી પાવર પ્લાન્ટ સુધીના રેલ્વે ટ્રાન્ઝીટમાં ૬ થી ૮ ટકા નુકશાની પેટે ગ્રાહકો પાસેથી બહુ મોટી રકમ પડાવી હતી.પરંતુ ઈલે.એકટના અમલ બાદ આ રકમ માત્ર ૦.૮ ટકા સુધી નિયત્રિત કરી દેવાઈ છે.ગુજરાતની કંપનીઓ ડી ગ્રેડની ખરીદી પેટે ઈ ગ્રેડનો કોલસો મેળવે છે.હવે એ નુકશાની તેઓ ગ્રાહકો પાસેથી ભરપાઈ કરવા માંગે છે. પાડાના વાંકે પખાલીને ડામ


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.